| | |
|---|---|
| રજુ તારીખ | ૨૦/૦૩/૨૦૨૫ |
| દાખલ તારીખ | ૨૦/૦૩/૨૦૨૫ |
| ફેંસલ તારીખ | ૧૩/૧૨/૨૦૨૫ |
| સમયગાળો | વર્ષ:**૦૦** માસ:**૦૮** દિન:**૨૪** |

**મહે. લેબર કોર્ટ અમદાવાદના ન્યાયાધીશ (એસ.ડી.) સાહેબ સમક્ષ, જી.અમદાવાદ.**

ફોજદારી કેસ નં.૨૫૪૨/૨૦૨૫
(ફોજદારી ઈન્કવાયરીનં.૬૫૨/૨૦૨૫)
આંક–

**ફરિયાદી :– કારખાના નિરીક્ષકશ્રી,**

**: વિરૂધ્ધ :**

**આરોપી :– (૧) શ્રી ભુપેન્દરસીંઘ બી. બાંગા (કબ્જેદાર)**
બાંગા આર્યન એન્ડ સ્ટીલ પ્રા.લી.
ઠે. પ્લોટનં.૭–૮, (બ્લોકનં.૩૩૮) ઝાક ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ,
ઝાક–વહેલાલ રોડ, ઝાક, તા.દહેગામ, જી.ગાંધીનગર

**ગુન્હો:– કારખાના અધિનિયમની કલમ ૯૨ મુજબ.**

**–: ચૂ કા દો :–**

**(૧)** ફરિયાદની ટૂંકી હકીકત છે કે, આરોપીએ નિયમો મુજબ શ્રમયોગીઓની સુરક્ષા માટે વ્યવસ્થા ન કરતા, શ્રમયોગી અકસ્માતે અવસાન પામેલ છે. આમ, આરોપીએ કારખાના ધારાની કલમ–૯૨ મુજબનો શિક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે.

હાલની ફરિયાદ રજુ થતા, બી.એન.એસ.એસની કલમ–૨૨૩ મુજબ આરોપી વિરુધ્ધ સંજ્ઞાન લેવા પહેલા, આરોપીને સાંભળવો જરૂરી હોવાથી, પ્રાથમિક તબક્કે ફરીયાદને ઈન્કવાયરી રજીસ્ટરે નોંધવામાં આવેલ. આરોપીને નોટીસ કરવામાં આવેલ, આરોપીને નોટીસની બજવણી થતા, આરોપી વકીલ મારફત હાજર થયેલ અને કાયદેસરની કાર્યવાહી બાદ તેઓની વિરુધ્ધ સંજ્ઞાન લેવાનો હુકમ આંક–૦૧ તળે કરી, આરોપી વિરુધ્ધ બી.એન.એસ.એસ.ની કલમ–૨૨૭ મુજબ સંજ્ઞાન લઈ, ઈન્કવાયરી ફેસલ કરી, હાલનો ફોજદારી કેસ દાખલ કરવામાં આવેલ હતો.

**(૨)** આરોપી હાજર થતા, તેઓને નકલ આપી, તેઓને **બી.એન.એસ.એસ. એકટની કલમ–૨૭૪** મુજબ ગુન્હાની વિગતો જણાવી, ગુન્હો કબૂલ છે કે કેમ? તેવું પૂછતા, આરોપીએ, પોતે ગુન્હો કબૂલ હોવાનું જણાવેલ છે. તેઓએ **બી.એન.એસ.એસ. એકટની કલમ–૨૭૫** અન્વયે કબૂલાત પુરસીસ પણ રજુ કરેલ છે. આરોપીએ ગુન્હો કબૂલ કરતાં, તેઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબૂલ કરવા

બંધાયેલા નથી અને તેઓ ગુન્હો કબૂલ કરશે તો આવી કબૂલાત તેઓ વિરૂધ્ધ પૂરાવા તરીકે ઉપયોગ લેવાશે. આમ, છતાં આરોપીએ હાલની ફરિયાદ અન્વયેનો ગુન્હો કોઈપણ જાતની લાલચ કે દબાણ વિના કબૂલ કરતા હોવાનું જણાવેલ છે, જેથી તેઓની **બી.એન.એસ.એસ. એકટની કલમ–૨૭૫** મુજબ પ્લી નોંધતા, તેમાં પણ આરોપીએ ગુનો કબુલ કરેલ છે.

**(૩)** આરોપીએ જણાવેલ છે કે, અમો આરોપીનો પ્રથમ ગુનો છે. ગુનો સ્વેચ્છાએ લાલચ અને દબાણ વગર કબુલ રાખીએ છીએ. અમારુ કુટુંબ અમારા શીરે છે. કાયદાની અજ્ઞાનતાથી અને અજાણતા ગુનો થયેલ છે. ભવિષ્યમાં કોઈ ગુન્હો કરશુ નહિ તેની ખાતરી આપીએ છીએ અને અમોને સુધરવાની તક આપવા તથા સજા કર્યા વિના છોડી મૂકવા અથવા કાયદા મુજબ ઓછામાં ઓછી સજાથી પણ ઓછી સજા કરવા અરજ કરેલ છે.

**(૪)** તમામ રેકર્ડ ધ્યાને રાખેલ છે, ગુન્હાની હકીકત તથા સજાની જોગવાઈ ધ્યાને રાખેલ છે. આરોપી સામેનો હાલનો પ્રથમ ગુનો હોવાનુ આરોપીએ જણાવેલ છે. ફરીયાદમાં આરોપીએ અગાઉ કોઈ ગુનો કરેલાની હકીકત નથી. આરોપીએ સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરેલ છે. વળતરના પુરાવા આંક–૦૫ થી રજુ કરેલ છે. આરોપી સ્વેચ્છાએ ગુન્હો કબૂલ કરતા હોઈ તેથી તેઓને દોષિત ઠરાવવામાં આવે છે, આરોપીની ઉંમર, કેસની હકીકત, તેમજ સજાની જોગવાઈ, ગુન્હાનો પ્રકાર વિગેરે તમામ હકીકતો ધ્યાને રાખતા તેમજ, *નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદ ઠાકોર, ૨૦૦૫ (૧) જી.એલ.આર.પાન ૭૦૯* ઉપરનાં ચૂકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતા આરોપીને વ્યાજબી દંડ કરવામાં આવે અને તે રીતે ભવિષ્યમાં ગુન્હો ન થાય તે માટે એક તક આપવામાં આવે તો તે યોગ્ય અને ન્યાયી જણાય છે, જે તમામ હકીકતો તેમજ શ્રમયોગીનુ મરણ થયેલ છે તે હકીકત ધ્યાને રાખી, ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –: હુકમ ::–

**(૧)** આરોપીને કારખાના અધિનિયમની કલમ–૯૨ મુજબનો ગુનો કરવા બદલ બી.એન.એસ. એસ. ની કલમ–૨૭૫ મુજબ દોષિત ઠરાવવામાં આવે છે અને સદરહુ ગુનો કરવા બદલ રૂા.**૫૦,૦૦૦/–× ૧ નિયમ × ૧ આરોપી (અંકે રૂપિયા પચાસ હજાર પુરા)** ના દંડની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** આરોપી કે તેમના વતી હાજર રહેનાર વ્યકિત દંડની રકમ ભરવાનો કસૂર કરે તો તેને એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

**(૩)** આરોપી/આરોપીઓએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

હુકમ આજ તા.૧૩/૧૨/૨૦૨૫ ના રોજ અત્રેની કોર્ટના સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૧૩/૧૨/૨૦૨૫
સ્થળ : અમદાવાદ.

(એન.આર.વધવાણી)
ન્યાયાધીશ (સીનીયર ડિવીઝન)
લેબર કોર્ટનં.૫, અમદાવાદ. જજ કોડ જી.જે.૦૧૩૬૮